## એમપી ટુરિઝમે ગાંધીનગરમાં ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ફેરમાં ટુરિઝમ પ્રોડક્ટ દર્શાવી

ગાંધીનગર, તા. ૨૩

મધ્યપ્રદેશ ટુરિઝમ બોર્ડે ગાંધીનગરમાં આયોજિત ત્રિ-દિવસી ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ફેર (ટીટીએફ)-૨૦૨૩માં ભાગ લીધો હતો. જે ગાંધીનગરના મહાત્મા મંદિર કન્વેન્શન અને એક્ઝિબિશન સેન્ટર ખાતે ૨૩ થી ૨૫ ઓગષ્ટ-૨૦૨૩ દરમ્યાન થયો હતો. મેનેજિંગ ડિરેક્ટર, મધ્યપ્રદેશ ટુરિઝમ બોર્ડના શિવ શુકલાએ જણાવ્યુ હતુ કે ટીટીએફ એ ભારતમાં આયોજિત થનાર ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ફેર પૈકીના સૌથી મોટા ઈવેન્ટમાંથી એક છે, જ્યાં અમે મધ્યપ્રદેશની વિવિધ ટુરિઝમ ઉત્પાદનો તથા પ્રવાસન સ્થળો અને બોર્ડ દ્વારા આયોજિત મેગા ઈવેન્ટોની માહિતી રાજ્ય તથા દેશના વિવિધ પ્રવાસ ઉત્સાહીઓ, ઉદ્યોગ વ્યાવસાયિકો, સ્થાનિક બજેટ પ્રવાસીઓ અને આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને આપી હતી. આવા મેગા ઈવેન્ટોમાં એમપી ટુરિઝમ બોર્ડ રાજ્યના દરિયાકિનારા, ક્રૂઝ ટુરિઝમ, વોટર સ્પોર્ટસ, એડવેન્ચર ટુરિઝમ, ધાર્મિક પર્યટન અને વેલનેસ ટુરિઝમ ડેસ્ટિનેશન્સથી માંડીને મધ્યપ્રદેશના મોહક પ્રવાસ સ્થળોનું પ્રદર્શન કરી શકશે.

# બેંકકર્મી મહિલાને પજવણી કરતા પૂર્વ કર્મચારી સામે ફરીયાદ

### પાંચ મહિનાથી પજવણી કરી જાતિ વિષયક બોલવાનું શરુ કર્યું : સમગ્ર મામલો મહિલા આયોગમાં

ગાંધીનગર, તા.૨૩

ન્યું ગાંધીનગર વિસ્તારમાં રહેતી મહિલા સેકટર-૨૧ પોલીસ મથક વિસ્તારમાં આવેલી બેંકમાં ફરજ બજાવે છે. મહિલાને સહ કર્મચારી વારંવાર પજવણી કરતા કંટાળી મહિલાએ પોલીસ મથકમાં ફરીયાદ કરી છે.

મળતી વિગત મુજબ ન્યું ગાંધીનગર વિસ્તારમાં રહેતી મહિલા બેંક કર્મચારી વર્ષ ૨૦૧૬-૧૭માં અમદાવાદ ખાતે બેંકમાં આસીસટન્ટ તરીકે ફરજ બજાવતા હતા. તે સમયે બેંકમાં ફરજ બજાવતા સહ કર્મચારી સાથે પરિચય થયો હતો. બેંકમાં ફરજ બજાવતા હોવાથી સામાન્ય વાતચીત થતી હતી. જો કે સહકર્મચારીનું વલણ મહિલા પ્રત્યે બદલાવવા લાગ્યું હતું. તે કર્મચારી બેંકના કામકાજને લઈ મહિલા સાથે વાત કરવાનો મોકો છોડતો ન હતો. ત્યારબાદ થોડા સમય પછી તે સહ કર્મચારી મહિલા કર્મચારીના ઘર સુધી પીછો કરતો રહેતો હતો. પ્રારંભિક દિવસોમાં મહિલાએ બધુ સહજતાથી લીધુ હતું. પરંતુ એક દિવસ કર્મચારીએ મોકો જોઈ મહિલાને પ્રપોઝ કરી દીધુ હતું. જેથી મહિલા સહકર્મચારીનો મલિન ઈરાદો જાણી ગઈ હતી. ત્યારબાદ મહિલાએ કર્મચારી સાથે વાતચીત બંધ કરી દીધી હતી. તેમ છતા કર્મચારી દરરોજ મહિલાનો પીછો કરી પજવણી કરતો હતો. ત્યારબાદ મહિલાએ બદલી કરાવી ગાંધીનગર બેંક ખાતે આવી ગઈ હતી. ત્યારે કોન્ટ્રાકટ પર ફરજ બજાવતા કર્મચારીને પણ બેંક દ્વારા છુટો કરી દેવામાં આવ્યો હતો. તેમ છતા કર્મચારીએ મહિલાનો પીછો છોડ્યો ન હતો. જેથી સમગ્ર મામલો મહિલા આયોગમાં પહોંચ્યો હતો. તે સમયે કર્મચારીએ લેખિત બાંહેધરી આપી હતી કે મહિલાનો પીછો નહી કરવાની ખાત્રી આપી હતી. તેમ છતા છેલ્લા પાંચ મહિનાથી પજવણી કરી કરી જાતિ વિષયક બોલવાનું શરુ કર્યું હતું. જેથી કર્મચારીની હેરાનગતિથી ત્રાહીમામ પોંકારી ઉઠતા મહિલાએ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ત્યારે મહિલા આયોગ અને પોલીસ દ્વારા આવા રોમિયો તત્ત્વો સામે કડક હાથે કામ લેવા પણ માંગણી કરાઈ છે.

## ચૌધરી પ્રાથમિક શાળામાં ચંદ્રયાનનું લાઈવ ટેલિકાસ્ટનું આયોજન



ચંન્દ્રયાન-૩ અંતર્ગત ચન્દ્રના દક્ષિણ ધ્રુવ પર વિક્રમ લેન્ડરના સોફ્ટ લેન્ડિગનું સે. ૭ માં ચૌધરી પ્રાથમિક શાળામાં લાઈવ ટેલિકાસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગને ધો. ૮ના વિદ્યાર્થીઓએ આચાર્ય તથા શિક્ષકો સાથે મળીને માણ્યો હતો.

# મંત્રી ઋષીકેશ પટેલે ચંદ્રયાનનું જીવંત પ્રસારણ નિહાળ્યું

### અઢી હજાર વિદ્યાર્થીઓ, કુલપતિ રાજુલ ગજ્જર, કુલસચિવ ડો.કે.જે.ખેરની સાથે બેસીને ચંદ્રની સપાટી પર સફળ લેન્ડિંગ નિહાળ્યું





ગાંધીનગર,તા.૨૩

ભારતને અવકાશ સંશોધન ક્ષેત્રે વૈશ્વિક ઓળખ અપાવનાર ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (જીઈ) દ્વારા નિર્મિત ચંદ્રયાન-૩ એ આજે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળતાપૂર્વક લેન્ડિંગ કર્યું છે. ગુજરાતના ઉચ્ચ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશ પટેલે અમદાવાદ ખાતેની ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ખાતેથી ચંદ્રયાન-૩ લેન્ડિંગનું જીવંત પ્રસારણ આશરે અઢી હજાર વિદ્યાર્થીઓ વચ્ચે બેસીને નિહાળ્યું હતું. ઉચ્ચ શિક્ષણ મંત્રીશ્રીએ ચંદ્રયાન-૩ મિશનના વિચારબીજથી લઈ ચંદ્રની સપાટી પર તેના સફળ લેન્ડિંગ સુધી પોતાનું યોગદાન આપનાર પ્રત્યેક ભારતીયને અભિનંદન પાઠવ્યા હતા.તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભારત વૈશ્વિક કક્ષાએ એક પછી એક સિદ્ધિઓ હાંસલ કરી રહ્યું છે, તેમાં આજે ચંદ્રયાન-૩નું સફળ લેન્ડિંગ વધુ એક સીમાચિન્હ બન્યું છે.

મંત્રીશ્રી ઉપસ્થિત વિશાળ સમુદાયને સંબોધતા જણાવ્યું હતુ હતું.

## છાલા-મોતીપુર માર્ગ પર તળાવની બાજુમાંથી ૭ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર રેન્જ આઈજી વિરેન્દ્રસિંગ યાદવ, જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમશેટ્ટી અને ડીવાયએસપી ડી.એસ.પટેલ દ્વારા દારૂ-જુગારની ગેરકાયદેસરની પ્રવૃતિ અંકુશમાં લેવા પેટ્રોલીંગ અને વાહનચેકીંગ કરી અસરકારક કામગીરી કરવા ખાસ સુચના અન્વયે ચિલોડા પોલીસ મથકના પીઆઈ એ.એસ.અસારીએ સર્વેલન્સ સ્કવોડના જવાનોને બાતમીદારો સક્રિય કરી દારૂ-જુગારના કેસ શોધી કાઢવા માટે સુચના અને માર્ગદર્શન આપ્યું હતું. જેને પગલે સર્વેલન્સ સ્કવોડના કોન્સ્ટેબલ વિજયસિંહ તેજુસિંહ, સુનિલ રમણલાલ, અમિતકુમાર કનુભાઈ, અલ્તાફ અબ્દુલભાઈ, અનિલ અશોકસિંહ પેટ્રોલીંગમાં હતા. તે સમયે પોલીસને બાતમી મળી હતી કે છાલા થી મોતીપુરા જતા રોડ પર તળાવની બાજુમાં ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમે છે.જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા જુગારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. પોલીસે તમામને કોર્ડન કરી પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓને નામ પુછતા મુકેશજી મંગાજી મકવાણા (રહે.મજરા ગામ આંબલીવાળો વાસ તા.પ્રાંતિજ), બાલકૃષ્ણ અંબાલાલ શર્મા (રહે.ચંદ્રાલા ગામ), અમીચંદભાઈ બાદરજી ઠાકોર (રહે.ચંદ્રાલા ગામ ઈન્દીરાનગર), દિલિપભાઈ લાલાભાઈ સેનવા (રહે. ચંદ્રાલા ગામ સેનવા વાસ), કિર્તિગીરી રમેશગીરી ગોસાઈ (રહે મકાન નં.૧૨ ગૌતમનગર સોસાયટી મોઢેરા રોડ મહેસાણા), જાનેઆલમ ગુલાબભાઈ શેખ (રહે.દેસાઈનગર રામોસણા ચોકડી મહેસાણા), સાહિલ યાકુબભાઈ શેખ (રહે. પ્લોટ નં.૧ દેલા વસાહત મહેસાણા) હોવાનું જણાવ્યું હતું.

જયારે પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૩૫,૫૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## બુધવારે રાત્રીથી ગુરુવારે આખો દિવસ રક્ષાબંધન ઉજવી શકાશે

ગાંધીનગર, તા.૨૩

આગામી તા. ૩૦મી ઓગસ્ટના રોજ શ્રાવણી પૂનમે રક્ષાબંધનનું પવિત્ર પર્વ ઉજવાશે. જોકે આ વર્ષે પૂનમની તિથિ અંગે નાગરિકોમાં અલગ અલગ મત સાથે અવઢવ ચાલતી હોવાથી મહિલાઓ ક્યારે ભાઈના હાથે રાખડી બાંધીને રક્ષાબંધન ઉજવી શકે તે માટે ચિંતાતુર બની છે. આ બાબતે ગાંધીનગરના જ્યોતિષાચાર્ય વિષ્ણુભાઈ વૈષ્ણવના કહેવા અનુસાર તા.૩૦ ઓગસ્ટ બુધવારે સાંજે ૨૧.૦૨ કલાકથી તા.૩૧ ઓગસ્ટ ગુરુવારે સવારે ૭.૦૬ કલાક સુધી અને ત્યારબાદ આખો દિવસ શુભ અને શુદ્ધ હોવાથી રાખડી બાંધવાનો શુભ સમય રહેશે.

આ પ્રસંગે રક્ષાબંધન ઉજવવાના મુહૂર્ત અંગે ગાંધીનગરના જ્યોતિષાચાર્ય વિષ્ણુભાઈ વૈષ્ણવે જણાવ્યું છે કે "આ વર્ષે શ્રાવણી પૂર્ણિમા તા.૩૦ ઓગસ્ટના રોજ સવારે ૧૦.૫૯થી તા.૩૧ ઓગસ્ટના રોજ સવારે ૭.૦૬ સુધી છે, જે દિવસે તા. ૩૧ ઓગસ્ટના રોજ સૂર્યોદયનો સમય ૬.૨૨ કલાક સવારે છે જેથી તે સમય બાદ તિથિ ચાલુ રહે છે જેથી તા.૩૧ના રોજ આખો દિવસ રક્ષાબંધન ઉજવી શકાશે." તેમના જણાવ્યા અનુસાર "તા.૩૦ ઓગસ્ટ સાંજે ૨૧.૦૨ કલાકથી તા.૩૧ ઓગસ્ટ સવારે ૭.૦૬ કલાક સુધી અને ત્યારબાદ આખો દિવસ શુભ અને શુદ્ધ હોવાથી રાખડી બાંધવાનો શુભ સમય ગણી શકાય. યાત્રાધામો અંબાજી, ડાકોર અને દ્વારકામાં પણ તા.૩૧મી ઓગસ્ટના રોજ પૂનમ ભરવામાં આવશે."

## પુંધરાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ડો.સતિષ મકવાણાએ મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જિલ્લા પંચાયતના વિભાગીય નાયબ નિયામક ડો.સતિષ મકવાણા દ્વારા માણસા તાલુકાના પુંધરા ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને મમતા સેશનની મુલાકાત લેવામાં આવી હતી. માણસા તાલુકાનું નેશનલ કવોલીટી અસયોરન્સ સ્ટાન્ડર્ડ સર્ટીફાઈડ પ્રાથમિક આરોગ્ય સંસ્થા છે. આ પ્રસંગે ડો. સતિષ મકવાણાએ મમતા સેશનમાં દરેક બાળકનું સમયસર રરીકરણ થાય તે માટે ખાસ સુચન કર્યા હતા. એક પણ બાળક ડ્રોપ આઉટ ન થાય અને એક પણ બાળક લેફટ આઉટ ના થાય તે માટે ખાસ તમામ સ્ટાફને તાકીદ કરી હતી.ઉપરાંત એમઆર-૧ અને એમઆર-૨ ના ડોઝ સમયસર આપવામાં આવે તે માટે ખાત્રી કરવા તમામ સ્ટાફને જણાવ્યું હતું.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પુંધરાની મુલાકાત થી પ્રભાવિત થઈને ત્યાંની કામગીરી જેવી કે લેબોરેટરીમાં સેલ કાઉન્ટરની સુવિધા, લોહીના પરીક્ષણ જેવા કે સીબીસી, એચઆઈવી, બ્લડ ગ્રુપ, મેલેરીયા, ટીબી, એચબી, ઈએસઆર, ડાયાબીટીસ, ટાઈફોઈડ, પેશાબની તપાસ કરવામાં આવે છે. જયારે વર્ષ દરમિયાન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ૪૦૦ થી ૫૦૦ ડીલીવરી કરાવવામાં આવે છે. જયારે એક માસમાં ૪૦ થી વધુ ડીલીવરી કરવામાં આવે છે. આ ઉપરાંત અંદાજીત રૂ.૧૯ લાખના આયુષ્માન કલેમ કરવામાં આવ્યા છે. જેના નાણા દ્વારા આરોગ્ય કેન્દ્રની સુવિધાઓને આધુનિક બનાવી છે. પુંધરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સુવિધા પર નજર કરીએ તો ૧૨ બેડની હોસ્પિટલ, અધ્યતન લેબર રૂમ અને એડવાન્સ બે લેબર બેડની સુવિધા છે. નવજાત શિશુ માટે ૨ બેબી વોર્મરની સુવિધા છે. કુટુંબ નિયોજનના ઓપરેશન માટે ઓપરેશન થિયેટરની સુવિધા પણ છે. જુલાઈ વર્ષ ૨૦૨૩ થી સગર્ભા બહેનો માટે ગર્ભના વિકાસની જાણકારી માટે સોનોગ્રાફીની સેવા પણ ઉપલબ્ધ છે.

## અડાલજ પોલીસે દારૂ ગાળવાના ૧૬ હજાર લીટર વોશ નાશ કર્યો

ગાંધીનગર,તા.૨૩

ગાંધીનગર અડાલજ પોલીસની ટીમે કોટેશ્વર સાબરમતિ નદીના કોતરોમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીઓ પર દરોડો પાડી ૮૦ પીપડા ભરીને ૧૬ હજાર લીટર દેશી દારૂ ગાળવાનો વોશનો જથ્થો પકડી પાડી આઠ બુટલેગર સામે ફરીયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ અડાલજ પોલીસને બાતમી મળી હતી કે કોટેશ્વર ગામની સીમમાં સાબરમતિ નદીના કિનારે દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમી રહી છે. જેથી પોલીસે મેગા ઓપરેશન હાથ ધરી દેશી દારૂની ભઠ્ઠીઓ સુધી પહોંચી ગયા હતા. જયારે પોલીસને જોઈને કેટલાક શખ્સો ઝાડીઓમાં નાસી ગયા હતા. જયારે પમ્પીંગ સ્ટેશન તેમજ મધર ડેરી પાછળની જગ્યામાં ભઠ્ઠી મળી આવી હતી. જેમાં ૪૨ પીપડામાં ૮,૪૦૦ લીટર દેશી દારૂ ગાળવાનો વોશ પકડી પાડ્યો હતો. જયારે પોલીસની તપાસમાં કોટેશ્વર ગામના રમેશ દંતાણી, સુરેશ દંતાણી, અશોક ઠાકોર, વિષ્ણુ ઠાકોર દેશી દારૂ ગાળવાનું કામ કરતા હોવાનું સામે આવ્યું હતું. પોલીસે નદીના કોતરોમાંથી ૩૮ પીપડા ભરેલ કુલ ૭,૬૦૦ લીટર વોશ મળી આવ્યો હતો. આ ભઠ્ઠી કોટેશ્વર ગામના જ બળદેવ દંતાણી, રણજીત દંતાણી, મહેશ દંતાણી, વિપુલ દંતાણી ચલાવતા હોવાનું ધ્યાને આવ્યું હતું. જયારે અડાલજ પોલીસે ૮૦ પીપડામાં ભરી રાખેલો ૧૬ હજાર લીટર દારૂ ગાળવાનો વોશના જથ્થાનો નાશ કર્યો હતો. પોલીસે ૮ બુટલેગર સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## શ્રી ગજાનન સેવા સમિતિનું સેવાકાર્ય



ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરની સેવાભાવી સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ગત તા. ૨૨મી ઓગષ્ટના દિવસે અણસોલ, ચિતરીયા, જાંબુડી તથા કારછાં ગામના ૧૦૪ લાભાર્થીઓને ૨ કી.ગ્રા. ચોખા, મુગદાળ, ચા, બિસ્કીટ વિગેરેનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ સેવાકાર્યમાં મિલિંદભાઈ, અમૃતભાઈ પ્રજાપતિ, મહર્ષિ સુથાર, દિનેશ પરમાર, ગામેતીભાઈ જોડાયાં હતા.

## આર.સી. પટેલ સ્કૂલમાં રાખડી બનાવવાની સ્પર્ધા યોજાઈ





ગાંધીનગર, તા. ૨૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત અને ગાંધીનગર સ્થિત શ્રીમતી આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલમાં ધો. ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ વચ્ચે રાખડી બનાવવાની સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સમગ્ર સ્પર્ધા શાળાની વિશાળ લોબીમાં યોજાઈ હતી. આ સ્પર્ધામાં શાળાના ૬૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને અવનવી કલાત્મક રાખડીઓ બનાવી હતી.

આ સ્પર્ધામાં માધ્યમિક વિભાગમાં તન્વી જે. લુહાર પ્રથમ નંબરે, રિયા એસ. પટેલ તેમજ દેવાંશી એ. પટેલ દ્વિતિય નંબરે અને ખુશાલી કે. પટેલ તૃતીય નંબરે આવ્યા હતા. જયારે ઉચ્ચ માધ્યમિક વિભાગમાં કૃષિ પટેલ પ્રથમ નંબરે, માહી પટેલ દ્વિતિય નંબરે અને જયસિંહએ તૃતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થી દત્ત એન. પટેલે પણ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના શિક્ષક શ્રેયાબેન પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું અને નિર્ણાયક તરીકે શાળાના શિક્ષક મેઘાબેન ભટ્ટે જવાબદારી નિભાવી હતી. વિજેતા વિદ્યાર્થીઓને અને શિક્ષકોને આ ઉત્કૃષ્ટ કાર્ય માટે શાળાના આચાર્ય ડૉ. વી.એમ. પટેલે શુભેચ્છા પાઠવી અને બિરદાવ્યા હતા.

## 'સાવિત્રી-મૃત્યુ પર પ્રેમકે વિજયકી ગાથા' નાટકનું મંચન

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી એમ.પી. આર્ટ લવર્સ, ગાંધીનગરના કલાકારો દ્વારા મહર્ષિ અરવિંદનાં મહાકાવ્ય 'સાવિત્રી' પર આધારિત હિન્દી નાટક 'સાવિત્રી-મૃત્યુ પર પ્રેમકે વિજયકી ગાથા'નું તા. ૨૫ના રોજ સાંજે ૭ કલાકે આઈ.આઈ.ટી. ગાંધીનગર (પાલજ) ખાતે મંચન થવા જઈ રહ્યું છે. ઉપરોક્ત નાટક માણવા માટે સભ્ય સચિવ, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા ગાંધીનગરની કલાપ્રેમી જનતાને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ નાટક માણવા માટે કોઈ પ્રકારની ફી રાખવામાં આવેલ નથી.

## સંસ્કાર ગૃપ વિવિધ પ્રવૃત્તિઓ થકી ૨૦મા વર્ષમાં પ્રવેશને ઉજવશે


ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરમાં બાળકોના જ્ઞાન, ગમ્મત અને વિકાસ માટે કાર્ય સંસ્કાર ગૃપ આગામી તા. ૨૪-૮-૨૦૨૩ના રોજ ૧૯ વર્ષ પૂર્ણ કરી ૨૦મા વર્ષમાં પ્રવેશશે. દરેક શુભેચ્છકો દ્વારા ગૃપને સહકાર મળેલ છે તેનો ગૃપ આભારી છે. આ પ્રસંગ નિમિત્તે જુદી જુદી પ્રવૃત્તિઓ વિવિધ શાળાઓમાં કરવામાં આવશે તેવુ સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.





ચંદ્રયાન ૩ના બુધવારે સાંજે ૦૬.૦૪ મિનિટે સફળ લેન્ડિંગ થતાં ઉર્જાનગર-૨ના રહીશો દ્વારા ફટાકડા ફોડીને તથા મોં મીઠું કરાવીને ઉજવણી કરવામાં આવી હતી.





ગાંધીનગર જિલ્લાનાં સરઢવ ખાતે હાઈસ્કૂલમાં આજે પાંચ વર્ષ પછી નવાં આચાર્ય શ્રી ડૉ. નિમેષભાઈ ચંદુભાઈ ત્રિવેદી એ સત્તાવાર ચાર્જ સંભાળ્યો હતો. આ પ્રસંગે સરઢવ કેળવણી ઉત્તેજક મંડળના ઉપપ્રમુખ બી. એ. પટેલ અને મંત્રી શ્રી અશોકભાઈ પટેલ, કેમ્પસ ડિરેક્ટર શ્રી અમરસિંહ ઠાકોર સહિત સમગ્ર સ્ટાફની ઉપસ્થિતિમાં નવાં આચાર્યને અભિનંદન પાઠવ્યા હતા.